ફ્લડલાઇટોને કારણે આખી અગાસી એક તેજનું તળાવ બની ગઈ હતી. એમાં રંગબેરંગી માછલીઓ જેવાં આનંદિત સ્ત્રી – પુરુષો હાથમાં પ્લેટો લઈ આમથી તેમ ફરતાં હતાં. તેમની વાતચીત ડૂબી ન જાય એવું ધીમું સંગીત રેલાતું હતું – કદાચ પન્નાલાલ ઘોષની વાંસળી જ હતી. કોઈકે શરણાઈનું સૂચન કરેલું પણ વત્સલાએ હસીને ના પાડેલી. એણે કહેલું, "આ કંઈ લગ્ન નથી, પચીસ વરસ પહેલાં થયેલાં લગ્નની ઉજવણી છે."

જો કે રોહિતને એવું નહોતું લાગતું. હાજર રહેલા મહેમાનોમાંથી ઘણાબધાને એવું નહોતું લાગતું. વત્સલાની સાડીનો રંગ સફેદ અને લાલ હોવાને બદલે સફેદ અને લીલો હતો – એટલું જ, બાકી તેનું શરીર એવું ને એવું જ પાતળું ને ટટ્ટાર હતું, ચહેરો એવો જ સોહામણો હતો અને રોહિતની કૃપાથી હજી એ ચહેરા પરનું સ્મિત પણ એટલું જ તાજું રહી શક્યું હતું.

એ સ્મિતની એક ખૂબી હતી. જે જુએ તે એની ખુશબો હૈયામાં સાચવીને લઈ જઈ શકે... દરેકને એમ જ થાય કે આ સ્મિત મારે માટે જ છે, ફક્ત મારે માટે! પણ એ હતું તો રોહિત માટે... બધા મહેમાનોના ટોળામાં ગમે તેટલાં ચક્કર મારવા છતાં પાછું પાંખો બીડીને બેસી જતું તે રોહિતની આંખો પર જ.

રોહિત રુક્ષ માણસ હતો. એ સામે મલકી શકતો નહીં. પણ એને એ સ્મિતની જરૂર હતી – લગભગ પ્રાણવાયુ જેટલી જ. અને વત્સલા એ જાણતી હતી. તેથી યજમાનીનો ધર્મ પૂરેપૂરો જાળવવા છતાં એ થોડી થોડી વારે રોહિત સામે જોઈ લેતી. કેટલીક વાર એનું સ્મિત ઓઠ લગી ન પહોંચતું. આંખોમાં જ એક ઝલક દેખાતી અને એટલી બસ હતી.

એ બે જણે બધા આમંત્રિતો માટે એમની પસંદગીની ભેટો આણી હતી અને રજતજયંતીનાં એ સંભારણાં એમનો પુત્ર આશિષ વિદાય લેતા મહેમાનોને સન્માનપૂર્વક આપતો હતો. ઓચિંતો એ ઉતાવળે પગલે વત્સલા પાસે આવ્યો

અને ધીમા પણ ચિંતાતુર અવાજે બોલ્યો, "મમ્મી! શોભનામાસીની ગિફ્ટ નથી મળતી."

"અરે! આંખોની સામે તો છે!" કહી વત્સલાએ પંદર – વીસ કેસરી ગુલાબથી શોભી ઊઠેલા છોડનું કૂંડું બતાવ્યું.

"ઓ...આ? મને એમ કે આ તો ડેકોરેશન છે." કહી આશિષ ઝટપટ કૂંડા પાસે ગયો. "બહેન કરતાંયે અદકેરી મારી શોભનાને" એવું વત્સલાના ઝીણા અને સુઘડ અક્ષરે લખાયેલું ગિફ્ટ કાર્ડ છોડને અધવચ્ચે બાંધેલું હતું. ટોચ પર બાંધે તો એનો દેખાવ બગડી જાય. 'મમ્મી તો મમ્મી જ છે!' મનમાં વિચારીને એણે હસતાં હસતાં શોભનાને કહ્યું, "માસી! આ તમારી ગિફ્ટ! તમારાથી તો નહીં ઊંચકાય, ચાલો હું મૂકી જાઉં. કાર તો છે ને?"

"છે. પણ તું રહેવા દે, આશિષ! તારે અહીં બધાને સાચવવાના. વળી પાછું કોઈ ગિફ્ટ લીધા વગર સટકી જશે તો તારી મમ્મી તારો ઝાકળિયો કાઢી નાખશે." શોભના બોલી.

"ના હં, મારી મમ્મી કંઈ એવી નથી."

"તો કેવી છે?"

"બહુ જ સરસ! દુનિયામાં કોઈની ન હોય એવી."

"હં... ચાલ. હું રાજુને શોધી લાવું. ડ્રાઇવર નથી, નહીંતર એને ભાઈબાપા કરીને લેવડાવી જાત... હવે તો રાજુને જ પકડવો પડશે."

રાજુ મદ્રાસથી આગળ વિલ્લુપુરમનો રહેવાસી હતો. રોહિત અને વત્સલાનાં લગ્ન થયાં તે પહેલાંથી આ ઘરમાં નોકરી કરતો હતો. ઘરનો માણસ જ બની ગયો હતો. ગુજરાતી ફક્કડ બોલતો અને બધાં સંબંધીઓને ઓળખતો.

થોડી વારમાં એ શોભના સાથે આવ્યો અને હસીને બોલ્યો, "મેં તો કહ્યું હતું કે નીચેનાં પગથિયાં પાસે જ માસીની ગિફ્ટ રાખીએ, પણ અમ્મા માન્યાં નહીં. કહે કે અગાસીની શોભા વધશે."

"તે તો છે જ ને! વત્સલાની વાત ખોટી નથી. એમ કર ને રાજુ, આ કૂંડું આજે અહીં જ રહેવા દે. કાલે હું આવીને લઈ જઈશ. અહીં કેવું સરસ લાગે છે!"

"ના, માસી! અમ્મા નારાજ થશે." કહી રાજુએ કૂંડું ઊંચક્યું અને ઝટઝટ ચાલવા માંડ્યું. 'પચાસ-પંચાવનનો થયો હશે રાજુ, પણ એના જોરમાં જરીકે ઓટ આવી નથી... ઘણી નસીબદાર છે વત્સલા, નહીંતર આ જમાનામાં આવો

નોકર ના મળે.' શોભનાના મનમાં આછાઅધૂરા વિચારો અથડાવા માંડ્યા... એમ તો અનિલ પણ સારો છોકરો હતો તોયે આશિષની તોલે ન આવે... એને એની મા કેટલી બધી વહાલી હતી! અને એ એને કેટલું બધું માન આપતો હતો!... હશે! વત્સલા છે પણ બહુ સરસ... પોતાને માટે કેવો સરસ ગુલાબનો છોડ લઈ આવી! નહીં નહીં તોયે સો – દોઢસોનો હશે... આટલું મોટું સર્કલ છે તોયે કેવું યાદ રહ્યું કે મને ગુલાબ બહુ ગમે છે અને મારે ઘેર બધા ગુલાબના છોડ મરી જ જાય છે!... હવે આને તો નહીં જ મરવા દઉં. ખૂબ જતન કરીશ. અને જરા પણ ઢીલું પડતું લાગશે તો કારમાં નાખીને અહીં જ પાછું લઈ આવીશ. વત્સલાને કહીશ કે જરાક તારો હાથ ફેરવી દે... કોઈ વાર થાય છે એને વાત કરું, કહું કે અનિલ અને રીમા પર પણ તારો હાથ ફેરવી દે – પણ જીભ ઊપડતી નથી. ઘરની વાત ક્યાં કરવી?...

શોભના ચાલી ગઈ, ચકલીએ માળો કરતાં વેરેલાં તણખલાં જેવા વેરવિખેર વિચારો લઈને, સુવાસિત સુરમ્ય ગુલાબનો છોડ લઈને.

અગાસી પર પણ હવે બહુ ઓછા મહેમાનો રહ્યા હતા. રોહિતે માંડમાંડ બગાસું રોક્યું અને બબડ્યો, "મને હવે ઊંઘ આવે છે! આ લોકો કોણ જાણે ક્યારે જશે?"

"એમને અહીં બહુ મઝા આવે છે." વત્સલાએ હસીને કહ્યું.

"આવે જ ને! આવું સરસ ખાવાનું... સંગીત... પવન અને તું! કોઈ શું કામ જવાનું નામ જ દે?"

"રોહિત!"

"સાચી વાત છે. તું બધાની સાથે એવી હસી હસીને વાત કરે છે, બધા ચીટકી જ રહે! જરાક કોલ્ડ શૉલ્ડર આપતી હોય તો? પણ ના, તને મધનું ટીપું બનવાની આદત છે. માખીઓ ભેગી થાય અને બણબણ્યા કરે તે તને ગમે છે." રોહિતે મોટું બગાસું ખાધું.

"બસ, હવે! દુનિયામાં દુનિયાની રીતે રહેવું પડે કે નહીં?"

"તું દુનિયાની રીતે રહે છે? તારી તો તારી પોતાની આગવી સ્ટાઇલ છે. મધની સ્ટાઇલ – રાધર, મધના ટીપાની સ્ટાઇલ!"

"ઓ.કે.! તો તને હું નથી ગમતી."

"એવું કોણે કહ્યું? પણ આ બધાની સાથે શું આટલું હસી હસીને બોલવાનું? આમ તો આ લોકો સવાર પડતાં લગી જશે જ નહીં."

"જોઈ લઈશું." કહી વત્સલા ઝટપટ આશિષને કંઈ સૂચના આપવા ગઈ.

આશિષને ચોવીસમું વરસ ચાલતું હતું. રોહિત જેવો જ ઊંચો અને દેખાવમાં પણ કંઈક એને મળતો આવતો હતો. પણ સ્વભાવ અને સ્મિત મા જેવાં. વત્સલાને આવતી જોઈને એ તરત સામો આવ્યો અને બોલ્યો, "શું છે મમ્મી?"

"તારા પપ્પા થાક્યા છે. કોઈનું ધ્યાન ન જાય એમ ચાર કૉર્નરની લાઇટ બુઝાવી નાખ ને! બધા એમની મેળે સમજશે."

"વારુ મમ્મી."

"જો, હમણાં ને હમણાં જ ન જતો. ડૂ ઇટ કેઝ્યુઅલી."

"ઓ.કે."

આ નાનકડી યુક્તિની ધારી અસર થઈ. જેઓ ઘરના દુઃખી હતા અને આ આનંદભર્યા વાતાવરણની ઉષ્મા જેમ બને એમ વધારે માણવા ઇચ્છતા હતા તેઓ પણ આખરે સમજ્યા અને ચાલ્યા ગયા. શહેરી આકાશના તારલા જેટલો પ્રકાશ આપી શકે તેટલો જ અગાસી પર રહ્યો ત્યારે રોહિતે જોરદાર બગાસું ખાઈને કહ્યું, "ચાલ, વત્સુ! હવે સૂઈ જઈએ."

પારિજાતકના ફૂલ જેવું એક કોમળ સ્મિત કરીને વત્સલા બોલી, "તું જા, રોહિત! મારે હજી આ કેટરર્સના માણસોને વિદાય કરવાના છે."

"તું ચાલ! એ બધું રાજુ કરશે."

"રાજુ પણ થાક્યો હોય ને, રોહિત! પ્લી – ઝ! તું જા, હું હમણાં આવીશ." કહી વત્સલા કામે વળગી. રોહિત નારાજીથી તેની સામે જોઈ રહ્યો. પણ તે જાણતો હતો કે વત્સલા કામ પતાવ્યા વિના નહીં આવે. તે આશિષ સામે ફર્યો.

"યંગ મૅન! હેલ્પ યૉર મધર... યૂ નો, ઘર ચલાવવાનું પણ ફૅક્ટરી ચલાવવા જેટલું જ અઘરું છે. ખાસ કરીને આપણા જેવું ઘર."

"હા પપ્પા! તમે સૂઈ જાઓ. હું મમ્મીને બધું પતાવવા લાગીશ."

"ચાલ તો, ગુડ નાઇટ! વત્સુ, હું ઊંઘી ગયો હોઉં તો ઉઠાડજે. આજે તને સૂતી વખતે ગુડ નાઇટ કહ્યા વગર ના ચાલે."

"ભલે."

આશિષ અને વત્સલા રાજુની મદદથી બધું આટોપવા માંડ્યાં. મોડી રાતે

બધું કામ પત્યું ત્યારે આશિષે કહ્યું, "ચાલ ને મમ્મી, હું બે કપ કૉફી બનાવી લાવું! આપણે બંને અહીં શાંતિથી બેસીને પીએ અને વાતો કરીએ... સારું લાગશે, હં મમ્મી?"

"નહીં દીકરા, હજી તો મારે નહાવું છે, પૂજા કરવી છે."

"અત્યારે?"

"આજે પૂજા કર્યા વગર કેમ ચાલે? આજે તો મારે મોટો દિવસ!"

આશિષ બોલ્યા વગર વત્સલા સામે જોઈ રહ્યો. પછી ખૂબ આસ્તેથી બોલ્યો, "મમ્મી, તને પપ્પા બહુ ગમે છે, નહીં?"

વત્સલા તોફાનમાં આંખો મીંચી ડોકું ધુણાવવા લાગી. આશિષ તેના કપાળે ચૂમી ભરતાં બોલ્યો, "મમ્મી! યૂ આર વન્ડરફુલ!"

"છોડ હવે આ બધી નકામી વાતો... એવરીબડી ઇઝ વન્ડરફુલ ઑન ધિસ વન્ડરફુલ અર્થ!"

"સાચે જ, તમે બંને બહુ નસીબદાર છો! તમને લગનમાં કેવી લૉટરી લાગી!"

"હા... અને આ લૉટરીનું ઇનામ પણ હાજરાહજૂર છે."

"ના રે ના! હું જો તમને લોકોને ઇનામ જેવો લાગ્યો હોત તો મને એકલો કેમ રાખત?"

"આશિષ! આવી આવી વાતો ના કરાય."

"સૉરી મમ્મી! નહીં કરું... પણ મને એકલું તો લાગે જ છે, મમ્મી!... નથી ગમતું. ભાઈબંધોને કહેવાય એટલું જ કહેવાય. કોઈ કોઈ વાર કંઈ કહેવાનું મન થાય છે ત્યારે તું જ યાદ આવે છે. તું મારી દોસ્ત નથી, મમ્મી?"

"તું જાણે."

"પણ તું બહુ મોટી છે. એકાદ ભાઈબહેન હોત તો મઝા આવત. આમ કોઈ વાર મન થઈ આવે ત્યારે ગમે તે વાત કરી શકાય... ખરું કે નહીં?"

"ખરું. પણ જે નથી તેની વાત શી કરવાની, આશિષ? ચાલ, નીચે જઈશું?"

"હા... ઓ મમ્મી, ભૂલી જતો હતો – લે, તારે માટે આ સ્પેશિયલ ગિફ્ટ!"

"તેં ચાંદીના ગ્લાસ આપ્યા તો ખરા, આશિષ!"

"એ તો તમને બંનેને, આ તો એકલી તને જ!"

"શું છે? ટેલિફોનના નંબર લખવાની ડાયરી?"

"અરે મમ્મી, તું તો બધી મઝા મારી નાખે છે! જરા ખોલીને જો તો ખરી!" આશિષે કહ્યું.

ડાયરી તો હતી જ, પણ હાથે બનાવેલી. વત્સલાના એન્જિનિયર થયેલા દીકરાએ પોતાને હાથે ઉમદા કાગળમાંથી બનાવેલી, સુશોભન કરેલી અને લખેલી!

"ઓહો, આ તો તારી ડાયરી છે... મારે વાંચવાની?"

"તારે માટે તો લખી છે... તને જ લખી છે... લે મમ્મી, આ મારી તને – ફક્ત તને જ, એક્સક્લૂઝિવ ગિફ્ટ છે. પપ્પાને પણ નહીં બતાવતી."

"અરે! એવું કેમ ચાલે?"

"ચલાવવું પડશે, મમ્મી! કદાચ કોઈ દિવસ પપ્પાને પણ લખીશ. એ એમની હશે. પણ આ તારી છે. તારે જ રાખવાની. તારે જ વાંચવાની. કોઈને વંચાવવાની નહીં. પપ્પાને નહીં, મમ્મી! શોભનામાસીને પણ નહીં. બસ, કોઈને જ નહીં. પ્રૉમિસ?"

"પ્રૉમિસ!" કહી વત્સલાએ ડાયરી હાથમાં લીધી. પાનું ખોલ્યું. આછા ઘેરા ભૂરા રંગોમાં એક તારો ચમકતો હતો. નીચે આશિષના વત્સલાના કરતાંયે સુંદર અક્ષરથી લખાયું હતું :

'મારા જીવનનો એ ધ્રુવ તારો છે –

મારી મા!'

વત્સલાની આંખો સજળ થઈ ગઈ. કયા ભવનાં પુણ્યે આવો દીકરો આપ્યો હશે! તોયે જાતને સંભાળી લઈને તે સ્વસ્થ અવાજે બોલી, "અતિ સર્વત્ર વર્જયેત્, આશિષ! આટલો મોટો તું એમ ને એમ નથી થયો. કેટલીયે વાર તને વગર વાંકે પણ વઢી છું, કેટલીયે વાર એકલો મૂક્યો છે, કેટલીયે વાર તારા મનની વાત નથી સમજી... એ બધું ભૂલી ના જા, આશિષ! થોડો ગુસ્સો પણ કર, મારા ઉપર."

"તારા પર?" કહી આશિષ એવું મોં કરીને જોવા લાગ્યો કે વત્સલાથી હસી પડાયું. વળી પાછી તેને ચીડવવાના ઇરાદાથી તે બોલી, "અને આવી બધી કવિતા લખવાની નવરાશ ક્યાંથી મળી? એ તો છોકરીઓનું કામ!"

"તું આવું કહીશ મમ્મી? ભૂલી ગઈ, મોટા મોટા કવિઓની યાદીમાં કેટલાં નામ પુરુષોનાં છે ને કેટલાં સ્ત્રીઓનાં?"

"સ્ત્રીઓ શરમાય – આશિષ! મનના ભાવ કહી દેવા, જે વાંચે તેને વાંચવા દેવા, એ શું જેવુંતેવું કામ છે? ભારે હિંમત જોઈએ એમાં!"

"ઠીક, તો મેં તો કરી જ છે... તું નિરાંતે વાંચજે, પછી કહેજે, કેવી લાગી."

"કહીશ! પણ અત્યારે, આ ક્ષણે મનમાં શું થાય છે, કહું? મારા દીકરાની આ કવિતા હાથમાં લઈને જ જાણે છેલ્લો શ્વાસ લઈ લઉં, આશિષ! જીવને મને છલોછલ સુખ આપ્યું છે. હવે આગળ જીવવાનું જોખમ નથી ખેડવું – ક્યાંક, કશીક ઊણપ આવી જાય તો ના સહેવાય..."

"એ મમ્મી! તું તો મારી ડાયરી વાંચ્યા પહેલાં જ આટલી સેન્ટિમેન્ટલ થઈ ગઈ! તને 'સેન્ટી' કહું કે સ્વાર્થી? મારો ને પપ્પાનો કંઈ વિચાર આવે છે તને?"

વત્સલાએ તરત હસી દીધું. "જો ને આશિષ, કવિતા પણ શરદી જેવી છે. ચેપ લાગતાં વાર ન લાગે... ચાલ, થૅન્ક્સ! હવે નીચે જઈશું?"

"ચાલ!"

અગાસીનો દાદર ઊતરતાં ઊતરતાં આશિષે પૂછ્યું, "તું ખરેખર અત્યારે નહાઈને પૂજા કરીશ?"

હાથમાંની ડાયરી ઊંચી કરીને વત્સલાએ કહ્યું, "હવે તો બેવડી પૂજા કરવી પડશે, આશિષ! ભગવાનનો બે વાર આભાર માનવો પડશે. પપ્પા મળ્યા... અને તું મળ્યો!"

"પછી ઊંઘી જજે, મમ્મી! બહુ થાકી જઈશ તો માંદી પડીશ."

"તેં જોઈ કોઈ દિવસ માંદી પડેલી?"

"ના! એયે તારું અજબ છે, હોં મમ્મી! તું કેમ ક્યારેય જરા પણ માંદી નથી પડતી?"

"હું હંમેશાં ખુશ રહું છું એટલે! અને તમે બંને મને કેટલી સાચવો છો!"

"તું સાચવવા જેવી છે જ."

"ચાલ, હવે બહુ થયું... પછી મારે વીમો ઉતરાવવો પડશે." કહી વત્સલા આગળ ચાલી ગઈ અને પોતાના બેડરૂમના બારણા આગળ પહોંચીને પાછું વળીને જોતાં બોલી, "શેનો વીમો, ખબર છે? તારા વહાલનો... કોઈ કંપની

ઉતારતી હોય તો તપાસ કરી લાવજે. અને પ્લીઝ, આશિષ! રાજુને જરા દવા લેવાનું યાદ કરાવજે ને! કાલે એને ઠીક નહોતું અને આજે બિચારાને ગજબ દોડાદોડી થઈ છે."

"ફંક્શન સરસ થયું, નહીં મમ્મી?"

"હા... ચાલ, ગુડ નાઇટ!"

"ગુડ નાઇટ, મમ્મી!" કહી આશિષ પોતાના ઓરડામાં ગયો અને સૂવાની તૈયારી કરવા લાગ્યો. વળી પાછો તેને રાજુ યાદ આવ્યો એટલે તેને દવા આપવા ગયો.

"આશિષભાઈ, મેં તો દવા ક્યારની લીધી છે!" રાજુએ કહ્યું.

"એમ? મને તો મમ્મીએ કહ્યું એટલે હું આવ્યો."

"અમ્મા બધાનો ખ્યાલ રાખે છે! મારો ને તમારો તો રાખે જ – પણ ધોબી, માળી, ડ્રાઇવર, પોસ્ટમૅન, દરજી... અરે બાપ રે, કોનો નથી રાખતાં?"

"બધાનો રાખે છે... બધાનો રાખશે જ, નહીં રાજુકાકા?"

"હા, હા! અમ્મા એટલે બસ, અમ્મા! એમને મૂકીને મને વિલ્લુપુરમ જવાનું પણ મન નથી થતું, આશિષભાઈ... ઘરનું તો કોઈ છે નહીં... પાડોશીઓ યાદ આવી જાય કોઈ વાર."

આશિષને મન થયું, પૂછી જુએ – રાજુ, તું કેમ પરણ્યો નહીં? પણ આશિષ જાણે છે, એવું બધું ન પુછાય. રાજુને તો ના જ પુછાય. એ ઘણો મોટો છે. ઘરમાં નોકરનું કામ કરે છે પણ વડીલ જેવો છે. આશિષે તેને રાજુકાકા કહીને બોલાવવો પડે છે. 'તમે' કહેવું પડે છે. વત્સલાનો એવો આગ્રહ છે.

"ઠીક, તો હું સૂઈ જાઉં. અમ્માને કહેજો, હું દવા આપવા આવ્યો હતો. નહીંતર મને ખંખેરી નાખશે."

"વારુ!" કહી રાજુ હસી પડ્યો.

એનું મુક્ત હાસ્ય સાંભળીને સારું લાગ્યું. આ એક સરસ ઘર છે. અહીં નોકર પણ મોકળા મને હસી શકે છે. અહીં કોઈ પણ હસી શકે – મહેમાન પણ, બીજું કોઈ પણ!

જતાં જતાં મમ્મીના પૂજાના ઓરડાનું બારણું અધખુલ્લું જોઈ ડોકિયું કરવાનું મન થયું. વત્સલાએ બધા ભારે દાગીના ઉતારી નાખ્યા હતા. મોટી લીલી

કિનારની સફેદ રેશમી સાડીને બદલે પૂજા વખતે હંમેશાં પહેરતી તે ઝીણી લાલ કોરની લાલ બુટ્ટાવાળી પાતળી સાડી પહેરી હતી. બારણા તરફ એની પીઠ હતી. આશિષ ચાલ્યા જવાનું જ કરતો હતો એટલામાં તે ઊઠી. નીચી નમીને ભગવાનને પગે લાગી અને બારણા તરફ ફરતાં જ આશિષને જોઈને બોલી, "ઓહો, હજી તું સૂતો નથી?"

"તને પગે લાગવાનું રહી ગયું હતું, મમ્મી!"

"આજે ચાલે!"

"ના ચાલે... કોઈ દિવસ ના ચાલે!" કહી આશિષ નીચો નમીને પગે લાગ્યો. એને માથે હાથ ફેરવતાં વત્સલા બોલી, "જીવતો રહે, બેટા!"

"મમ્મી..."

"શું છે, આશિષ?"

"ના મમ્મી, કંઈ નહીં." કહી આશિષ મૂંગોમૂંગો મા જોડે ચાલવા લાગ્યો. આ વખતે આશિષનો ઓરડો પહેલો આવ્યો. અંદર વળતાં જ તે કંઈ બહુ જ સાધારણ વાત કરતો હોય એમ બોલ્યો, "પેલી શેફાલી કેવી છે, મમ્મી?"

"કઈ શેફાલી?"

"કેમ, આજે લવંડર રંગનો ચૂડીદાર પહેરીને આવી હતી તે!"

"મને યાદ નથી આવતી."

"તારે માટે પીળાં ગુલાબનો બુકે નહોતી લાવી?"

"ઓ, હા! સરસ છે, કેમ?"

"કંઈ નહીં, એ તો અમથું!"

પણ અમથું લાગ્યું તો નહીં. અડધી રાત ગયા પછીની આ વાતચીતે વત્સલાની ઊંઘ ઉડાડી દીધી.

■ ■ ■

અંદર પુરાઈ ગયેલા ભમરાના ભારથી જેમ કમળની દાંડલી વારંવાર કંપી ઊઠે છે – કંઈક તેવું જ મનનું થયું છે.

બધાં કામ રોજની જેમ જ શાંતિથી વ્યવસ્થાપૂર્વક થયા કરે છે, બહારથી જોતાં જરાયે એમ ન લાગે કે વત્સલાના જીવનમાં કંઈ પણ નવું બન્યું છે. તેમ છતાં ઇશાન ખૂણામાં તરતી એક નાનકડી વાદળી બાકીના આખા ઉજ્જ્વલ નીલાંબરને ઘેરા શ્યામ રંગની યાદ અપાવ્યા કરે છે. રહીરહીને વત્સલાનું મન એ પ્રશ્ન ભણી જાય છે – મમ્મી, શેફાલી કેવી લાગી?

ના રે, અમસ્તો સાદો જ પ્રશ્ન હશે... આશિષ હજી ઘણો નાનો છે. અને પૂછે છે એનો અર્થ પણ એ જ કે હજી એણે કંઈ નક્કી કર્યું નથી. એ માત્ર અભિપ્રાય જાણવા માગે છે... અને એ તો સારું જ કહેવાય. એનો અર્થ એવો થાય કે આશિષને હજી વત્સલાની પસંદગી – નાપસંદગીનું મહત્ત્વ છે – અરે, પણ એય કંઈ સારું તો ન કહેવાય. વત્સલાને એવું લાગવા માંડ્યું કે આશિષને અતિશય નિકટ રાખવામાં પોતાની કશીક ભૂલ થઈ છે.

ફોન કરીને શોભનાની સાથે બહાર જવાનું ગોઠવ્યું. થોડીક ખરીદી કરીને બંને પાછાં વળતાં હતાં ત્યાં શોભનાએ કહ્યું, “બાપ રે! રીમાની ગિફ્ટ લેવાની રહી ગઈ! મારું તો આવી જ બનશે! ચાલ, વત્સલા! એકાદી સાડી લઈ નાખીએ.”

એરકન્ડિશન્ડ દુકાન હતી. સેલ્સમૅન હસમુખો અને વિનયી હતો. સાડી ખરીદવાની મજા આવી. રીમા ઘઉંવર્ણી છે – ગમે તે રંગ શોભે. વત્સલાએ ભારે કિનાર – પાલવવાળી એક ભૂરા રંગની સાડી પસંદ કરી.

“ના, ના! આ તો રીમાને જરાયે નહીં ગમે.”

“તો આ!” કહી વત્સલાએ ખડી પ્રિન્ટનું આછા સ્ટ્રોબેરી રંગનું રેશમી પોત બતાવ્યું.

"એ પણ નહીં... ખરું કહું વત્સલા! એને મારી આણેલી એકે સાડી નહીં ગમે. અને છતાં મારે લેવી તો પડશે જ."

"શા માટે?"

"એ તને હમણાં નહીં સમજાય." કહી શોભના મૂંગી થઈ ગઈ. જરીની કિનારવાળી લીલી બાંધણીના બારસો રૂપિયા ચૂકવીને એ બહાર જવા નીકળી ત્યારે પણ એના ચહેરા પર સહેજે આનંદ નહોતો. વત્સલા એ જોઈ રહી. આવું શા માટે હોવું જોઈએ? વહુ પણ આખરે તો એક નાનકડી છોકરી જ છે. આપણા દીકરાનો હાથ પકડીને એ શરમાતી ગભરાતી ઘરને ઉંબરે આવીને ઊભી રહે છે, એને મોકળે હાથે ને મોકળે હૈયે આવકાર કેમ ન આપવો? એને પોતાના કુટુંબની જ એક વ્યક્તિ – સ્વજન કેમ ન બનાવી દેવી? દીકરા કરતાંયે વધારે નિકટની, વધારે વહાલી, એક સવાઈ દીકરી જ કેમ ન ગણવી?

વત્સલાએ મનોમન વિચાર્યું કે પોતે જગતની સર્વશ્રેષ્ઠ સાસુ બનશે. આશિષના કરતાં પણ આશિષની વહુ પોતાને વધારે ચાહશે... પોતે પણ તેને એટલાં લાડ કરશે કે એ પોતાની સગી માને ભૂલી જશે... રાતદિવસ મમ્મી! મમ્મી! કરતી પોતાની આસપાસ ફર્યા કરશે. અચાનક શોભનાની તેને ખૂબ દયા આવી. ધીમા અવાજે તે બોલી, "શોભના! તારા ને રીમાના સંબંધો એકદમ સરસ હોવા જોઈએ... અનિલને કેટલું સારું લાગે!"

"હું."

"આમ – એકદમ સરળ અને સ્વાભાવિક. અરસપરસ ઉષ્માભર્યા... જીવંત અને આનંદિત!"

"અમારો સંબંધ એવો નથી."

"હું જાણું છું..."

"મેં તો તને કોઈ દિવસ કહ્યું નથી."

"બધી વાતો શું કહેવા – સાંભળવાથી જ સમજાય છે?" થોડી વાર બંને બહેનપણીઓ મૂંગી રહી. પછી વત્સલાએ આસ્તે આસ્તે બોલવા માંડ્યું. "એક બાબત જેવી હોવી જોઈએ તેવી નથી એટલું સ્વીકારી લેવાથી કંઈ વળતું નથી. એનો કંઈ ઇલાજ પણ કરવો જોઈએ."

"તું શું માને છે – મેં કંઈ પ્રયત્ન નહીં કર્યો હોય?"

"તો પછી?"

"ના – કંઈ અર્થ નથી."

"કારણ?"

"કારણ કે હું એની સાસુ છું ને એ મારી વહુ છે. ગજગ્રાહને માટે આથી વિશેષ કારણ શું જોઈએ?"

"પણ એવું શા માટે? અનિલ તને વહાલો છે તો પછી અનિલની પ્રિય વ્યક્તિ પણ તને વહાલી ન હોય?"

"વત્સલા! પ્લીઝ...!"

"અચ્છા, જવા દે." કહી વત્સલા મનમાં ઊંડી ઊતરી ગઈ. તેને યાદ આવી ગઈ કાલે વાંચેલી ડાયરી. એમાં આશિષે લખ્યું હતું –

આકાશ જેટલી ઊંચી મારી મા.

મારી આસપાસ પીળા પતંગિયાની પાંખ થઈને ફફડે છે. એને ચિંતા છે – મેં ખાધું કે નહીં, હું ઊંઘ્યો કે નહીં. મેં શું કર્યું, મેં શું વિચાર્યું – હું ક્યાં જઈ રહ્યો છું? આ વિશાળ વિરાટ વિશ્વની કઈ કેડીએ વિધાતાએ મારું પ્રયાણ ને મારું કલ્યાણ નિર્મ્યું છે તે એ જાણવા માગે છે. કારણ કે એ મારી મા છે.

"વત્સુ!"

"હં..."

"આશિષને કેટલાં વરસ થયાં?"

"ચોવીસમું ચાલે છે – કેમ?"

"કંઈ નહીં – અમસ્તું જ!"

પણ અમસ્તું તો નહોતું. આકાશમાં દેખાતા ઇન્દ્રધનુષથી થોડે દૂર એક બીજું, આછું ઇન્દ્રધનુષ હોય છે. ઝીણી નજરે જોઈએ તો જ એ દેખાય. શોભનાના પ્રશ્ન પાછળ એવો જ એક ઝાંખો... અસ્પષ્ટ પ્રશ્ન હતો – હવે તારે ઘેર વહુ આવવાની કેટલી વાર?

વત્સલા સહેજ કંપી ઊઠી. શોભના પ્રેમાળ હતી, પોતાની સૌથી નિકટની સખી હતી, તો પણ એ એક સફળ સાસુ તો નહોતી જ. વત્સલા નહોતી ઇચ્છતી કે પોતાના અને પોતાની ભાવિ પુત્રવધૂના સંબંધ વિશે કોઈ પણ વ્યક્તિ નિરાશાથી વિચારે.

એણે વાત બદલી નાખી. સૌથી સારાં ગુલાબ ક્યાં ઊગે છે ત્યાંથી માંડીને ગુલાબને માટે કયું ખાતર સારું અને એના છોડને છાંટવા માટે કેવી કાતર સારી એની રસપ્રદ ચર્ચામાં એણે શોભનાને ઘસડી. પણ આ બધું સયુક્તિક હતું. મનમાં પ્રશ્ન ઘૂંટાતો હતો – આવી સરસ શોભના સાસુ તરીકે કેમ નિષ્ફળ જાય છે? અને દરેક વખતે એના પોતાના મનમાં કરેલો નિર્ણય વધારે દઢ થતો જતો હતો. પોતે તો બતાવી આપશે – આશિષની વહુને, આશિષને અને રોહિતને કે એને સાસુ થતાં પણ આવડે છે... એના ને એની વહુના સંબંધો માદીકરી કરતાંયે અત્યંત વધારે ગાઢ અને મધુર બનવાના જ વળી... વરસ પર વરસ વહેતાં જશે, એ ને રોહિત પોતાનાં લગ્નની સુવર્ણજયંતી ઊજવશે અને મોડી રાતે આશિષની વહુ હાથમાં એક ડાયરી મૂકશે... આશિષની ડાયરી કરતાંયે વધારે સરસ, આત્મીયતાની સુગંધથી ફોરી ઊઠતી...

મોડી સાંજે ફરીને પાછાં આવતી વેળાએ એણે રોહિતનો હાથ સાહજિકતાથી પકડીને કહ્યું, "કાલે રાતે આશિષ કોઈ છોકરીની વાત કરતો હતો."

"શું? શું કહ્યું? છોકરી વળી શાની? કોણ છે એ છોકરી? શું નામ છે? આશિષને ક્યાંથી મળી? એનાં માબાપ કેવાં છે?"

"રોહિત! મને આવી બધી ખબર ક્યાંથી હોય?"

"કેમ ના હોય? તારે ખબર રાખવી જોઈએ ને!" રોહિતે ચિડાઈને કહ્યું. પછી તરત એને શરમ આવી. જરા વાર રહીને બોલ્યો, "એવું છે ને વત્સુ! તારો દીકરો જરા આઈ મીન – તમે બંને જરા વધારે – એટલે કે – "

"હા. એટલે તો એણે મને કહ્યું!"

"શું કહ્યું?"

"કે મમ્મી, શેફાલી કેવી લાગે છે?"

"સરસ! બીજું શું કહ્યું?"

"અહીં જ તું માર ખાઈ જાય છે. છોકરાએ પૂછ્યું એટલે તરત તું બોલી પડી, 'સરસ!' એમ જવાબ આપવાની શી ઉતાવળ હતી! અમે બિઝનેસમાં હંમેશાં નૉન – કમિટલ રહીએ. હા કે ના કંઈ ચોખ્ખો જવાબ આપીએ જ નહીં ને!"

"રોહિત! આઈ એમ નોટ અ બિઝનેસવુમન!"

"ઓ – હા! અને એ જ મારું સદ્ભાગ્ય છે. જો તું બિઝનેસમાં પડી હોત તો મારા બધા ઘરાકો લઈ જાત. તું જરાક આમ સામે જોઈને હસત એટલે એ

બધા પીગળીને બરફ થઈ જાત – આઈ મીન, બરફની માફક પીગળી જાત... હં, તે પેલી છોકરીની વાત કર ને! શું કહેતો હતો આશિષ?"

"નહીં, એણે તો ખાલી એક જ વાર પૂછ્યું કે મમ્મી, શેફાલી કેવી લાગે છે... બસ, બીજી કંઈ વાત થઈ જ નથી."

"હં..." કહી રોહિત ઊંડા વિચારમાં ડૂબી ગયો. રોજની જગ્યા આવી અને પાછા વળવાનું થયું ત્યારે એણે ફરી વાત કરવા માંડી. "મને લાગે છે કે તું જરા એ છોકરીની બરાબર તપાસ કર... કદાચ કંઈ લાંબું થાય તો... આપણે જાણી રાખેલું સારું."

વત્સલાએ ડોકું હલાવ્યું અને થોડે આઘે ઊગેલા શિરીષના ઝાડ તરફ એની નજર ગઈ. એટલું બધું ઊંચું, ઘટાદાર અને ભવ્ય છતાં કોમળ એ વૃક્ષ હતું! હજી ફૂલ બેઠાં નહોતાં એટલે નરી પોપટી આભાની ચાદર ઓઢીને મસ્તીમાં ઝૂમતું હતું. વત્સલાને થયું, હું પણ આમ જ જીવીશ. બધાંને છાંયો આપીશ. બધાંને સમાવી લઈશ...

"વત્સુ!"

"હં!"

"ક્યાં ખોવાઈ ગઈ?"

"ક્યાં ખોવાવાની હતી? અહીં તારી પાસે તો છું. તારી સાથે તો ચાલું છું."

"તારી સાથે પચીસ વરસ ગાળ્યાં છે. ગઈ કાલની પાર્ટી યાદ છે ને? તું મારી પાસે છે કે નહીં એની મને સમજ ના પડે? તું કોઈ બીજા જ વિચારોમાં ખોવાઈ ગઈ છે. કાં તો તારા દીકરાના, કાં તો પેલી છોકરીના. બોલ, સાચું છે કે નહીં?"

"હા, છે."

"તારો એમાં વાંક નથી. આ જિંદગી... જિંદગી એવી વસ્તુ છે કે કોઈને શાંતિથી રહેવા ના દે."

"એ શું?"

"તું નહીં સમજે... હવે આપણે આ દુનિયાનો સામનો કરવો પડશે, વત્સુ! આપણું ઘર – હવે બદલાઈ જશે. મને એ નહીં ગમે – એના કરતાં એમ કરીએ, આશિષને એક ફ્લૅટ લઈ આપીએ."

"શું? અને આટલા મોટા બંગલામાં આપણે બે એકલાં રહીએ? ના ભાઈ ના!"

વત્સલાના અવાજમાં એક અજાણી તીવ્રતા આવી ગઈ. રોહિત ચાલતાં ચાલતાં અટકી ગયો. પછી એણે અનુકંપાથી કહ્યું,

"એટલે જ કહું છું!"

"હં?"

"આશિષને આઘો મોકલવાની વાતથી જ તું કેટલી બધી અકળાઈ ગઈ, વત્સુ... આટલી બધી માયા સારી નહીં."

"એવું કંઈ નથી, રોહિત."

"તો સારું."

વાત આમ તો પૂરી થઈ ગઈ પણ બંનેનાં મનમાં ચાલ્યા કરી. રોહિત વિચારતો હતો – એકનો એક દીકરો, એને જુદો રહેવા મોકલવાનું કોઈને ના ગમે. વત્સલાને પોતે નકામી મૂંઝવી મારી, પણ હવે બોલાઈ ગયું તે બોલાઈ ગયું.

વત્સલાને થતું હતું, રોહિતની વાત ભગવાન કરે ને સાચી ન હોય. 'આટલી બધી માયા સારી નહીં', એટલે શું વળી? પ્રેમનું શું રેશનિંગ થાય છે? આટલો બસ, એવું નક્કી કરનાર કોણ હોઈ શકે ને એવું નક્કી કરનારનું ચાલે પણ શું? પ્રેમ તો હોય તો હોય – ન હોય તો ન હોય. એ સ્વયંભૂ છે, એનું પ્રમાણ નક્કી કરવાનું આપણા હાથમાં નથી. રોહિતને આટલી સાદી વાત કેમ સમજાતી નહીં હોય?... કદાચ એને ઊંડે ઊંડે આશિષની અદેખાઈ આવતી હશે. આશિષની અને પોતાની નિકટતાની... ઓહો, એ પેલી ડાયરી જુએ તો એને કેવું થાય?

"વત્સુ, કેમ મલકે છે?"

"લે, એનું પણ પાછું કારણ આપવું પડે? તારી સાથે છું, તારી સાથે ચાલું છું – મજા આવે છે!"

"મારી સાથે તને હંમેશાં આનંદ આવે છે?" રોહિતના પ્રશ્નમાં નહીં બોલાયેલા બેચાર શબ્દો હતા. એ ઝીલી લઈને વત્સલાએ હસતાં હસતાં કહ્યું, "હા. પણ આશિષ સાથે હોય તો વધારે આનંદ આવે!"

"ઓ.કે. તારા દીકરાને નહીં કાઢી મૂકીએ, બસ? પણ પેલી છોકરીની જરા તપાસ તો કરજે. એ બહુ જરૂરી છે."

"વારુ."

મોડી રાતે વત્સલાએ પાસું ફેરવીને સૂઈ ગયેલા રોહિતને આસ્તેથી હાથ ફેરવીને કહ્યું, "રોહિત!"

"શું છે?"

"ધારો કે છોકરી સારી હોય – તો?"

"તો આશિષને પરણાવી દેવાનો. બીજું શું? પણ તું હજુ કેમ ઊંઘી નથી?"

"ઊંઘ નથી આવતી."

"જોયું? અત્યારથી જ ઊંઘ નથી આવતી. પછીથી તો કોણ જાણે શુંયે થશે... એક કામ કર, ગરમ દૂધ પી લે. તરત ઊંઘ આવી જશે. પેલી ગોળીબોળી ના લેતી મને એ નથી પસંદ."

"ડૉક્ટર પરીખે તો – "

"એની વાત ના કર. એને શું? તને ગોળીની આદત પડી જાય ને એના વગર ઊંઘ જ ના આવે તો પરીખનું શું જવાનું હતું? એ તો કહેશે – ખાઓ, કશો વાંધો નહીં. મને વાંધો છે – મને તું છે તેવી જ જોઈએ છે... હંમેશાં, હંમેશાં!"

"ઘરડી તો થઈશ ને?"

"તેનો વાંધો નહીં – પણ વગર કારણની દવા નહીં લેવાની! કહે તો હું જઈને દૂધ લઈ આવું."

"ના, આમ જ ઊંઘ આવી જશે." રોહિતનો હાથ પકડીને વત્સલા બોલી.

બીજે દિવસે આશિષે જ જતાં જતાં પૂછી જોયું, "મમ્મી, આજે તું ઘરમાં છે?"

"કેમ?"

"સાંજે શેફાલીને લઈ આવું. તમે બંને એકબીજાંને મળો તો ખરાં, નિરાંતે! – આજે બીજું કોઈ આવવાનું તો નથી ને?"

"ના."

હસીને આશિષ ચાલ્યો ગયો. વત્સલા વિચારે ચડી ગઈ. કેવી હશે એ છોકરી? આશિષને ગમી છે એટલે સારી જ હોવી જોઈએ, પણ...

મનમાં વસી ગયેલી બે – ત્રણ છોકરીઓ યાદ આવવા લાગી. એક હતી વાસવી. બહુ સરસ પેઇન્ટિંગ કરતી હતી. દેખાવમાં પણ આકર્ષક. ખુલ્લા

મનથી હસી પડતી અને જાતજાતની વાતો કરતી. એની મા શારદા વત્સલાની બહેનપણી જેવી જ હતી. એકબે – વાર વિચાર આવેલો પણ ખરો, પણ કંઈ વાત થઈ નહોતી. બીજી હતી અનુ, નારીમુક્તિ આંદોલનનું કામ કરતી હતી. જ્યારે જુઓ જાડાં, ઢીલાં ને મેલખાઉ કપડાં પહેરીને ક્યાંક જવાની ધમાલમાં હોય; કાં તો ગળાડૂબ કામમાં હોય. પણ એ છોકરીની આંખમાં એક ચમક હતી. એના જીવનનું એક ધ્યેય હતું... એનામાં કોઈ એક ચેતના હતી. પાંચ મિનિટ મળે તોયે તમને અંદરથી જગાડી દીધા વિના ના રહે.

પણ હવે એવા બધા વિચાર નહીં કરવાના. આ શેફાલીને મળવાનું... તટસ્થતાથી એને જોવાની અને પછી આશિષને કહેવાનું –

શું કહેવાનું આશિષને? એની હા કે નાનો કોઈ અર્થ રહ્યો હશે ખરો? ઓચિંતી વત્સલા ઉદાસ થઈ ગઈ.

દિવસ પહાડ થઈ ગયો. બધાં કામ એક પછી એક થયા કરતાં હતાં પણ વત્સલાને ખ્યાલ નહોતો રહેતો કે શું કેવી રીતે થયું. મનમાં એક જાતની બેચેની ઘર કરી ગઈ હતી.

ઢળતી બપોરે શોભનાનો ફોન આવ્યો. "વત્સુ, તું ઘરમાં જ છે ને? હું આવું છું."

"હં? હા... બહાર તો નથી જવાની પણ જરા કામમાં છું."

"કામ તો થયા કરશે... મારે તો તને મળવું જ છે."

શોભનાએ ન આવવું જોઈએ. પોતાની બેચેની એ જોઈ જશે. કારણ પૂછશે. કારણ તો કંઈ છે નહીં, શું કહેવું? વળી શોભના બેઠી હોય અને આશિષ શેફાલીને લઈને આવે તો? સૌથી પહેલાં પોતે એકલી જ શેફાલીને બરાબર મળી લે એ સારું. પછી બધું પાર ઊતરે તો તો મળવાનું જ છે ને! શોભનાને ને બીજાં બધાંને... ઘણાં બધાંને.

"વત્સલા! કેમ બોલતી નથી?"

"કંઈ નહીં, શોભના, સૉરી! આજે ફાવે એવું નથી. તું કહે ને, કંઈ અર્જન્ટ છે?"

"અર્જન્ટ તો શું? રોજનું લાગ્યું!" કહી શોભના રડવા લાગી. ફોન પર જેટલું આશ્વાસન અપાય તેટલું આપીને વત્સલાએ કહ્યું, "એમ કર, હું જ અડધો કલાક આવી જાઉં."

"ના ના, અહીં નહીં... રીમા આવી જશે. કંઈ નહીં, કાલે મળીશું. કાલે ચોક્કસ ફ્રી રહેજે."

"વારુ." શોભનાના ફોન પછી મન વધારે ઉદાસ થઈ ગયું. શોભનાને આમ રડવું પડે એ તો ખરેખર બહુ ખરાબ કહેવાય. રીમાએ સમજવું જોઈએ. અનિલની મમ્મી પ્રત્યે એની શું કોઈ ફરજ નથી? એનું માન જાળવવાની, એનું મન જાળવવાની – કશી જ જવાબદારી રીમા સ્વીકારતી નથી. એવું કેમ?

અંતે વત્સલાએ બળપૂર્વક એ બધા વિચારો હડસેલી કાઢ્યા. મનને આનંદમાં લાવવાનો એની પાસે એક સરળ ઉપાય હતો. ફરી વાર નહાઈને સરસ રીતે તૈયાર થવું. જાણે હમણાં જ કશે બહાર જવું છે... કપડાં બદલતાંની સાથે મનના ભાવ પણ બદલાઈ જાય છે. વત્સલાનો એ અનુભવ છે.

આજે પણ એ પ્રયોગ સફળ રહ્યો. મોટાં મોટાં ફૂલ ભરેલી સફેદ ઑર્ગેન્ડીની સાડી પહેરતાંની સાથે મન પણ જાણે તાજગી અનુભવવા લાગ્યું. આખરે કંઈ એવું બન્યું તો નહોતું કે જેને લીધે આમ ગમગીન થઈ જવું જોઈએ...

"અમ્મા! સાંજની રસોઈ...?" રાજુએ આવીને પૂછ્યું.

"આજે તું જ બનાવી દે. ભાખરી ને શાક... શેનું શાક છે?"

"ફણસી છે. વેંગણ છે..."

"બસ, બસ! વેંગણ – બટેટાનું શાક ચાલશે. રસાવાળું બનાવજે. અને રાજુ – "

"જી અમ્મા!"

"આશિષભાઈ આવે ત્યારે ચા સાથે નાસ્તો જોઈશે. જોડે મહેમાન પણ છે."

"ઉપમા બનાવી દઉં?"

"અચ્છા! ગોળપાપડી, ચેવડો, ચકરી બધું કાઢજે હં રાજુ! પેલી ગ્રીન ક્રૉકરી... ગયે મહિને હું લાવી હતી તે કાઢવાની છે. હું મદદ કરાવવા આવું?"

"ના અમ્મા!" કહી રાજુ ચાલ્યો ગયો. એનું ચાલે તો એ વત્સલાને કશું જ ન કરવા દે. પોતે હાજર હોય છતાં વત્સલા કંઈ પણ કામ કરે એમાં એને એક જાતની માનહાનિ લાગતી હતી.

વત્સલા દિવાસ્વપ્નમાં ખોવાઈ ગઈ. હમણાં આશિષ આવશે. એની સાથે હશે શેફાલી... કેવી હશે એ?

બહુ રાહ ન જોવી પડી. પાંચ વાગ્યા ન વાગ્યા એટલામાં ડોરબેલ ધમધમાટ રણકી ઊઠી.

આ તો આશિષ જ. એની ઘંટડીનો અવાજ જ નિરાળો, ઉતાવળો, અધીરો...

આશિષ આવ્યો. એની સાથે એક છોકરી હતી. પાતળી, ઊંચી... ગોરું ગોરું મોં... મોં પર સહેજ ગભરાટ. હસવાનો પ્રયત્ન કરતાં કરતાં એ બોલી, “હલો!”

“હલો શેફાલી!” વત્સલાએ હાથ સોફા તરફ લંબાવ્યો. શેફાલી ત્યાં બેસી ગઈ. એ પણ મૂંઝાયેલી લાગતી હતી. વત્સલાને આ જુવાન છોકરીની દયા આવી. એને માટે પણ આ ક્ષણ આકરી હશે... પોતાને લાગતી હતી તેના કરતાંયે વધારે આકરી લાગતી હશે...

વત્સલાએ ઊંચું જોયું. આશિષ એકીટશે એની સામે જોઈ રહ્યો હતો. એક નવી દુનિયામાં પગ માંડતાં પહેલાં એ પોતાના નિકટતમ સ્વજનની આજ્ઞા ચાહતો હતો... એના આશીર્વાદ ઝંખતો હતો. વત્સલાએ સ્મિત કર્યું. રાહત પામીને આશિષ શેફાલીને કહેવા લાગ્યો... “તમે બંને વાતો કરો, હું આ આવ્યો!”

વત્સલા જોતી હતી, આશિષના જવાથી છોકરી ઓર ગભરાયેલી લાગી. જાણે એનો રક્ષણહાર ચાલ્યો ગયો. એને સ્વસ્થ કરવા જ વત્સલાએ હસીને પૂછ્યું, “આ ડ્રેસ ક્યાંથી લીધો?”

“મેફ્લાવરમાંથી... તમને ગમ્યો?”

“હા.” કહી વત્સલા ધ્યાનથી જોઈ રહી. તીણું નાક, સીધી ભમ્મરો, લિપસ્ટિકને લીધે જ દેખાય એટલી બધી પાતળી, એક નાનકડી લીટી જેવી મોંફાડ, મોટી મોટી આંખો, બહાર ધસી આવતી હડપચી... આ ચહેરો... ગમાડવો હોય તો ગમાડી શકાય... જો એ હસે, બોલે તો કંઈ વધારે સમજ પડે. પણ સમજવાનુંયે શું હતું? આ શેફાલી હતી અને આશિષને એ ગમતી હતી.

■ ■ ■